રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક કલ્યાણ અને
શારીરિક શિક્ષણ વિભાગ ના સંયુક્ત ઉપક્રમે આયોજિત

**“ વન નેશન, વન ઈલેક્શન ” કાર્યક્રમ**

તારીખ :૨૨/૦૪/૨૦૨૫ | કન્વેન્શન હોલ, VNSGU

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ વી.એન. એસ.જી. યુ., સુરતના સંયુક્ત ઉપક્રમે તારીખ: ૨૨/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૧:30 કલાકે કન્વેન્શન હોલ ખાતે “વન નેશન, વન ઈલેક્શન” કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન શ્રી પરેશભાઈ પટેલ, અધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર અને મુખ્ય વક્તા તરીકે ડૉ. જગદીશ પટેલ, ભૂતપૂર્વ મેયર, સુરત શહેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના EC મેમ્બર ડૉ. કશ્યપસિંહ ખરચિયા, શ્રી ભાવિનભાઈ પટેલ, BOM મેમ્બર શ્રી હરિભાઈ અરોરા, ડૉ. પારૂલબેન વડગામા, શ્રી લક્ષ્મણભાઈ આહીર, પૂર્વ સિન્ડીકેટ સદસ્ય એડવોકેટશ્રી કિરણભાઈ ઘોઘારી અને વન નેશન, વન ઈલેક્શનના નોડલ અધિકારીશ્રી ડૉ. યશોધરાબેન ભટ્ટ હાજર રહ્યા હતા.

શ્રી પરેશભાઈ પટેલ અને ડૉ. જગદીશભાઈ પટેલે 'વન નેશન, વન ઇલેક્શન' વિષય પર પોતાના વિશ્લેષણાત્મક વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે આ અભિગમ માત્ર વ્યવહારિક દૃષ્ટિકોણથી જ નહીં પણ રાષ્ટ્રીય એકતા, સમાનતા અને કાર્યક્ષમતા માટે પણ અત્યંત ઉપયોગી છે. તેમણે સ્પષ્ટ રીતે કહ્યું કે દરેક થોડા સમયના અંતરે લોકસભા અને વિધાનસભાની અલગ અલગ ચૂંટણીઓ થવાથી સરકારી સંસાધનો પર ભાર પડે છે અને વિકાસલક્ષી કામગીરીમાં અવરોધ આવે છે. જો સમગ્ર દેશમાં એક જ સમયે ચૂંટણી યોજાય તો મોટી સંખ્યામાં લાગતા માનવબળ, શાંતિ-વ્યવસ્થા જાળવવા માટે તહેનાત પોલીસ દળો, વહીવટી તંત્ર તથા ઈલેક્શન કમિશનની કામગીરીમાં લાગેલા સંસાધનોને યોગ્ય રીતે ઉપયોગમાં લઇ શકાય. આથી તેઓ વિકાસના કામોમાં વધુ અસરકારક યોગદાન આપી શકે. તેમણે વધુમાં કહ્યું કે, વારંવાર યોજાતી ચૂંટણીઓ દરમિયાન લાગતી આદર્શ આચારસંહિતા રાષ્ટ્રના વિકાસકાર્યો માટે મોટો અવરોધ બને છે. આચારસંહિતાના અમલને લીધે નવા યોજના ઘડી શકાય નહિ, નવું બજેટ જાહેર કરી શકાય નહિ અને અનેક નિર્ણયો લેવાઈ શકતા નથી. પણ જો સમગ્ર દેશમાં એકસાથે ચૂંટણી યોજવામાં આવે તો આ દર વખતે આચારસંહિતાના લાગુ પડવાના કારણે થતું કામચલાઉ વિલંબ અટકાવી શકાય. વક્તાઓએ 'વન નેશન, વન ઇલેક્શન'ના અર્થશાસ્ત્ર પર પણ પ્રકાશ પાડતાં જણાવ્યું કે ઘણી ચૂંટણી યોજવાથી ખર્ચ ઘણો વધી જાય છે. રાજકીય પક્ષો, સરકાર અને સામાન્ય જનતાનું પણ આર્થિક બોજ વધે છે. એક જ ચૂંટણી થવાથી આ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે. તેઓએ ઉમેર્યું કે જનજાગૃતિ, ટેકનોલોજીનો ઉપયોગ અને રાજકીય સહમતીથી આ અભિગમ સફળતાપૂર્વક અમલમાં આવી શકે છે. તેમના વક્તવ્યના અંતમાં ભારતને વધુ સંગઠિત, સંવેદનશીલ અને કાર્યક્ષમ લોકશાહી બનાવવાના દૃષ્ટિકોણથી ‘વન નેશન, વન ઇલેક્શન’ના વિચારને દેશભરમાં ચર્ચાનું કેન્દ્રીય વિષય બનવો જોઈએ એવી શક્તિશાળી અપીલ કરી.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે કાર્યરત વિવિધ વિભાગોના વડાશ્રીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુના વિસ્તારમાં આવેલ કોલેજોના આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓએ પણ ખુબ મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો.

આ કાર્યશાળાનું સંપૂર્ણ આયોજન વ્યવસ્થા અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.




VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


Veer Narmad South Gujarat University
वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय


વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય,
સુરત
યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ અને
રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ (N.S.S) ના
સંયુક્ત ઉપક્રમે આયોજીત
" વન નેશન, વન ઈલેક્શન" (One Nation, One Election)
અતિથિ
શ્રી પરેશ પટેલ
અધ્યક્ષ
ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર
મુખ્ય વક્તા
ડો. જગદીશ પટેલ
ભૂતપૂર્વ મેયર સુરત મહાનગર
દિનાંક: ૨૨/૦૪/૨૦૨૫ | સવારે:- ૧૧:૩૦ કલાકે
કનવેન્શન હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત


વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય,
સુરત
યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ અને
રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ (N.S.S) ના
સંયુક્ત ઉપક્રમે આયોજીત
" વન નેશન, વન ઈલેક્શન" (One Nation, One Election)
અતિથિ
શ્રી પરેશ પટેલ
અધ્યક્ષ
ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર
મુખ્ય વક્તા
ડો. જગદીશ પટેલ
ભૂતપૂર્વ મેયર સુરત મહાનગર




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય,
સુરત
VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT
VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


સંયુક્ત ઉપક્રમે આયોજીત
'' વન નેશન, વન ઈલેકશન'' (One Nation, One Election)
અતિથિ
મુખ્ય વક્તા




# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે "વન નેશન, વન ઈલેકશન" કાર્યક્રમ યોજાયો



કામરેજ,

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ વી.એન. એસ.જી. યુ., સુરતના સંયુક્ત ઉપક્રમે તારીખ: ૨૨/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કન્વેન્શન હોલ ખાતે "વન નેશન, વન ઈલેકશન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, મુખ્ય મહેમાન શ્રી પરેશભાઈ પટેલ, અધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર અને મુખ્ય વક્તા તરીકે ડૉ. જગદીશ પટેલ, ભૂતપૂર્વ મેયર, સુરત શહેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના EC મેમ્બર ડૉ. કશ્યપસિંહ ખરચિયા, શ્રી ભાવિનભાઈ પટેલ, BOM મેમ્બર શ્રી હરિભાઈ અરોરા, ડૉ. પારૂલબેન વડગામા, શ્રી લક્ષ્મણભાઈ આહીર, પૂર્વ સિન્ડીકેટ સદસ્ય એડવોકેટશ્રી કિરણભાઈ ઘોઘારી અને વન નેશન, વન ઈલેકશનના નોડલ અધિકારીશ્રી ડૉ. યશોધરાબેન ભટ્ટ હાજર રહ્યા હતા. શ્રી પરેશભાઈ પટેલ અને ડૉ. જગદીશભાઈ પટેલે 'વન નેશન, વન ઈલેકશન' વિષય પર પોતાના વિશ્લેષણાત્મક વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે આ અભિગમ માત્ર વ્યવહારિક દ્રષ્ટિકોણથી જ નહીં પણ રાષ્ટ્રીય એકતા, સમાનતા અને કાર્યક્ષમતા માટે પણ અત્યંત ઉપયોગી છે. તેમણે સ્પષ્ટ રીતે કહ્યું કે દરેક થોડા સમયના અંતરે લોકસભા અને વિધાનસભાની અલગ અલગ ચૂંટણીઓ થવાથી સરકારી સંસાધનો પર ભાર પડે છે અને વિકાસલક્ષી કામગીરીમાં અવરોધ આવે છે.

જો સમગ્ર દેશમાં એક જ સમયે ચૂંટણી યોજાય તો મોટી સંખ્યામાં લાગતા માનવબળ, શાંતિ-વ્યવસ્થા જાળવવા માટે તૈનાત પોલીસ દળો, વહીવટી તંત્ર તથા ઈલેકશન કમિશનની કામગીરીમાં લાગેલા સંસાધનોને યોગ્ય રીતે ઉપયોગમાં લઈ શકાય. આથી તેઓ વિકાસના કામોમાં વધુ અસરકારક યોગદાન આપી શકે. તેમણે વધુમાં કહ્યું કે, વારંવાર યોજાતી ચૂંટણીઓ દરમિયાન લાગતી આદર્શ આચારસંહિતા રાજ્યના વિકાસકાર્યો માટે મોટો અવરોધ બને છે. આચારસંહિતાના અમલને લીધે નવા યોજના ઘડી શકાય નહિ, નવું બજેટ જાહેર કરી શકાય નહિ અને અનેક નિર્ણયો લેવાઈ શકતા નથી. પણ જો સમગ્ર દેશમાં એકસાથે ચૂંટણી યોજવામાં આવે તો આ દર વખતે આચારસંહિતાના લાગુ પડવાના કારણે થતું કામચલાઉ વિલંબ અટકાવી શકાય. વક્તાઓએ 'વન નેશન, વન ઈલેકશન'ના અર્થશાસ્ત્ર પર પણ પ્રકાશ પાડતાં જણાવ્યું કે ઘણી ચૂંટણી યોજવાથી ખર્ચ ઘણો વધી જાય છે. રાજકીય પક્ષો, સરકાર અને સામાન્ય જનતાનું પણ આર્થિક બોજ વધે છે. એક જ ચૂંટણી થવાથી આ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે. તેઓએ ઉમેર્યું કે જનજાગૃતિ, ટેકનોલોજીનો ઉપયોગ અને રાજકીય સહમતીથી આ અભિગમ સફળતાપૂર્વક અમલમાં આવી શકે છે. તેમના વક્તવ્યના અંતમાં ભારતને વધુ સંગઠિત, સંવેદનશીલ અને કાર્યક્ષમ લોકશાહી બનાવવાના દ્રષ્ટિકોણથી 'વન નેશન, વન ઈલેકશન'ના વિચારને દેશભરમાં ચર્ચાનું કેન્દ્રીય વિષય બનવો જોઈએ એવી શક્તિશાળી અપીલ કરી. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે કાર્યરત વિવિધ વિભાગોના વડાશ્રીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુના વિસ્તારમાં આવેલ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓએ પણ ખુબ મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન વ્યવસ્થા અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.

# ONE NATION ONE ELECTION

**(1) Udhna Citizen College** organized an insightful. Thought-Sharing Session on “One Nation, One Election” on 7th April 2025. The event witnessed enthusiastic involvement from over 200 students and 6 faculty members, showcasing a strong interest in electoral reforms











**(2) નવસારી, નારણ લાલા લૉ કૉલેજ**માં તારીખ ૦૫/૦૪/૨૦૨૫ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના તારીખ ૨૮/03/૨૦૨૫ ના પરિપત્ર નં. NSS/NSS/૦૧૧૭૦૭/૨૦૨૫ ના દિશા નિર્દેશ મુજબ કાનૂની વિદ્યા શાખાના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર નારણલાલા કૉલેજના વિદ્યાર્થીઓ, ટીચીગ તેમજ નોન ટીચિંગ સ્ટાફની જાગૃતા અને ભારત દેશમાં ચુંટણીના મહત્વ વિશે માહિતી પ્રદાન કરવાના હેતુસર વન નેશન, વન ઈલેક્શન અંતર્ગત "વિચારગોષ્ઠી" આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મેહમાન તરીકે હાલમાં નવસારી જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં મેમ્બર જજ તરીકે ફરજ બજાવતા જે. એમ. મેવાવાલા સાહેબને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત નારણ લાલા લૉ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યા ડૉ. કેતના ચાંપાનેરી દ્વારા લોકશાહી એટલે લોકોનું લોકો દ્વારા અને લોકો માટે ચાલતું શાસન સાથે જ લોકશાહીમાં પ્રજાનું મહત્વ અનેરૂ રહેલ છે જેથી દરેક વ્યક્તિએ ચુંટણી વિશે માહિતી મેળવવી જોઈએ. દેશના છેલ્લા વર્ષોમાં રાજ્યસભા લોકસભાની ચુંટણીમાં થયેલા ખર્ચ પર અંકુશ લાવવા તેમજ અન્ય સ્પર્શતી બાબતોને ધ્યનમાં રાખી વન નેશન, વન ઈલેક્શન થવું કેટલું જરૂરી છે. જેનાથી આદર્શ આચારસહિતાની અસર પણ વિકાસના કાર્યો પર ઓછી પડશે જેવા અનેક હકારાત્મક તેમજ શેષ નકારાત્મક પાસા વિશે વિસ્તૃતથી ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ ત્યાં હાજર વિદ્યાર્થીઓ દ્વારા વન નેશન, વન ઈલેક્શન અંતર્ગત "વિચારગોષ્ઠી" અંતર્ગત હકારત્મક અને નકારાત્મક પાસાઓ વિષે તેમજ તેની દેશ,સમાજ અને દેશની જનતા પર વર્તાતી અસરો વિશે ખુબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.



**(3) Agarwal Vidya vihar English medium college vesu Surat** has organised group discussion on " one nation one election", 05,april,2025.









**(4) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોનગઢ જી. તાપી** એન.એસ.એસ વિભાગ અને ઈતિહાસ વિભાગ દ્વારા આયોજિત "વન અને નેશન અને વન ઇલેક્શન "અંતર્ગત વિચારગોષ્ઠિ તા. ૦૪/૦૪/૨૦૨૫ ના રોજ અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોનગઢ  જી. તાપીના એન.એસ.એસ વિભાગ અને ઈતિહાસ વિભાગ દ્વારા "વન અને નેશન અને વન ઇલેક્શન "અંતર્ગત વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ડૉ. હિરેન ડી કાકડીયા સાહેબે "વન અને નેશન અને વન ઇલેક્શન "વિષયને ધ્યાનમાં રાખીને ખૂબ જ ઉપયોગી માહિતીઓ વિદ્યાર્થીઓને આપી હતી. "વન અને નેશન અને વન ઇલેક્શન " એટલે શું? તેના ફાયદા કેટલા? તેની જરૂરિયાત કેટલી? વગેરે જેવા મુદ્દાઓના આધારે વક્તાશ્રીએ પોતાનો વિચાર રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં 70 થી વધુ વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ રાજેશભાઈ પટેલ સાહેબની આગેવાનીમાં થયો હતો. અંતે પ્રોગ્રામ ઓફિસર ડૉ. મનેષભાઈ બારે દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન આપવામાં આવ્યું હતું. અને બીજા પ્રોગ્રામ ઓફિસર પ્રા. પ્રતિમા ગામીત દ્વારા સમગ્ર કાર્યક્રમના અંતે આભાર વિધિ કરવામાં આવી હતી.












**(5)** તારીખ ૦૩/૦૪/૨૦૨૫ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન **નૂતન ગ્રામ વિદ્યાપીઠ થવા** ખાતે વન નેશન-વન ઇલેક્શન કાર્યક્રમ કોલેજ ના આચાર્યશ્રી ડૉ.દિનેશકુમાર પી ચૌધરી ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો વન નેશન- વન ઇલેક્શન કાર્યક્રમમાં સૌ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ વચ્ચે વિચારગૌષ્ઠી કરવામાં આવી હતી. જેમાં આ મુદ્દાને ધ્યાનમાં રાખી અધ્યાપક મિત્રો શ્રી રમેશભાઈ, ડૉ.બિપિનચંદ્ર, શ્રી જયેશભાઇ, શ્રી સુધીરભાઈ, શ્રી યતિનભાઈ, હેમાંગીબેન અને અમિતાબેન દ્વારા આજના સમયમાં ચૂંટણી લગતી કામગીરી, સમય તેમાં થતાં ખર્ચ, આ મુજબ આવનાર સરકારની કામગીરી સકારાત્મક રહશે કે નકારાત્મક, લાભ મળશે કે ગેર લાભ, શું આ પ્રકારની ચૂંટણી આપના ભારત દેશના અર્થતંત્ર માટે સુખાકારી બનશે કે નહી આવા અનંત પ્રશ્નો ચૂંટણી સદર્ભ આ વિચારગોષ્ઠીમાં થઈ જેમાં અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થી મિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો પોતાના વિચારો વ્યક્ત કર્યા, પડકારો અને લાભો વિશે ઉપસ્થિત દરેક વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. તેઓ સૌના વિચારથી જાણવા મળ્યું કે સૌનો સાથ સૌનો વિકાસની સકારાત્મક બાબત રજૂ કરી.








**સરકારી વિનયન કૉલેજ ઝઘડિયા** ના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા ' વન નેશન, વન ઇલેક્શન' વિષય પર વિચારગોષ્ઠીનું આયોજન આચાર્યશ્રી ડૉ. જયેશ જી. પૂજારા સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૦૩.૦૪.૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું. જેમાં કોલેજના ઇતિહાસ વિભાગના પ્રા. સતીષ મેઘાણી સાહેબે 'વન નેશન, વન ઇલેક્શન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ઇલેક્શન વિષે તેમજ દર વર્ષે થતાં ઇલેક્શન વિષે વિગતવાર માહિતી આપી હતી. તેમજ 'વન નેશન, વન ઇલેક્શન' ના ફાયદાઓ પણ વિગતે જણાવ્યા હતા. આ વ્યાખ્યાનમાં કૉલેજના ૩૦ વિદ્યાર્થીઓ તેમજ તમામ અધ્યાપકગણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર પ્રા. તેજસ ચૌહાણે કર્યું હતું.






વન નેશન, વન ઇલેક્શન અંતર્ગત વિચાર ગોસ્ટી નું આયોજન **Shri S.G. Patel Arts And Shri P.K. Desai Commerce College** સંસ્થામાં 03.04.2025 ના રોજ  કરવામાં આવેલ હતું જેમાં પ્રોફેસર ઉર્વેશ વસાવા સાહેબે ટોપીક અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતીથી અવગત કર્યા હતા.150 થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો અને ઉપયુક્ત સંદર્ભે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.



તારીખ ૨૯/03/૨૦૨૫ ના રોજ **અજય જનકરાય શાહ નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ વ્યારા** મુકામે "એક રાષ્ટ્ર - એક ચૂંટણી" One Nation - One Election ના ઉપલક્ષ્યમાં વિદ્યાર્થી પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી કુલીનભાઈ પ્રધાનજી એ, નર્સિંગના વિદ્યાર્થીઓને વિષય અનુરૂપ માર્ગદર્શન આપ્યું હતું, આ સાથેજ તાપી જિલ્લા ભાજપા મહામંત્રી તથા વન નેશન વન ઇલેક્શન તાપીના કોર્ડિનેટરશ્રી રાકેશભાઈ કાચવાલા, સભ્ય શ્રીમતિ સુનિતાબેન ગામીત, વ્યારા નગર સંગઠન પ્રમુખ શ્રી પિંકલભાઈ પંચાલ, મહામંત્રી નિમિષ સરભાણીયા, નગરપાલિકા આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી પરેશ મીઠાવાલા, યુવા મોરચા પ્રમુખ અક્ષય પંચાલ, મહામંત્રી સાહિલ ગામીત, રિશી નાયક, વિશાલ પટેલ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય આશિષકુમાર રમેશભાઈ ચૌધરી, શૈક્ષણિક, બિન-શૈક્ષણિક સ્ટાફ અને મોટી સંખ્યામા વિદ્યાર્થી મિત્રો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો....











**DINSHAW DABOO LAW COLLEGE** આથી જણાવવામાં આવે છે કે તારીખ ૦૧-૦૪-૨૦૨૫ નાં રોજે " વન નેશન, વન ઇલેક્શન" બાબતે વિચારગોષ્ઠી નું આયોજન કરેલ તેમાં આશરે ૧૩૨ વિદ્યાર્થીઓ અને તમામ સ્ટાફ (શૈક્ષણિક અને બિન- શૈક્ષણિક) એ ભાગ લીધેલ અંતે પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરવામાં આવેલ હતું.





"એક રાષ્ટ્ર, એક ચૂંટણીના સમર્થનમાં પ્રસ્તાવ સી. એન. કોઠારીવાળા  હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, તાડકુવા ના શિક્ષક, "એક રાષ્ટ્ર, એક ચૂંટણી"ની અવધારણાના સમર્થનમાં એક પ્રસ્તાવ પ્રસ્તુત કરીએ છીએ, જેનો ઉદ્દેશ્ય ભારતના લોકતાંત્રિક માળખાને વધુ પ્રભાવી, પારદર્શી અને આર્થિક રૂપથી સુદૃઢ બનાવવાનો છે.
'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'નો મુખ્ય ઉદ્દેશ્ય લોકસભા અને દરેક રાજયની વિધાનસભાઓની ચૂંટણીને એક સાથે યોજવાનો છે, જેથી સમય, સંસાધન, અને વહીવટી ખર્ચની બચત થઈ શકે તથા દેશના વિકાસકાર્યોમાં નિરંતરતા બની રહે.



**સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલી, જી. નવસારી** રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દ્વારા "ONE NATION ONE ELECTION" વિષય સંદર્ભે આયોજિત વિચાર ગોષ્ઠી (ચર્ચા-વિચારણા), તારીખ: 05/04/2025 ,સ્થળ: વરાહમિહિર ખંડ, ભાગ લેનાર વિદ્યાર્થીઓ:50

તારીખ 5 એપ્રિલ, 2025 ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલી ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) "One Nation One Election" વિષય પર વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિચાર ગોષ્ઠી આચાર્ય ડૉ. જે.બી. પટેલ ના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રવિણ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. . પ્રિન્સિપાલ ડૉ. જે.બી. પટેલ તથા શ્રી પી.જી. અસનાની દ્વારા એક રાષ્ટ્ર એક ચૂંટણી- ની સંકલ્પના અને આજના યુગમાં તેની આવશ્યકતા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી કેતન એન. પટેલ દ્વારા આ વિષયના વિવિધ લાભો અને પડકારો પર વિશ્લેષણાત્મક ચર્ચા કરવામાં આવી. ડૉ.તસ્લીમ ખત્રી દ્વારા "એક રાષ્ટ્ર એક ચૂંટણી ના રાજકીય અને પ્રશાસકીય માળખા પર પડતાં સંભવિત અસરો વિષે વિસ્તૃત રીતે સમજાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ વિચાર ગોષ્ઠીમાં ઉત્સાહભેર ભાગ લીધો. તેઓએ વિષયની ગંભીરતા અને બહુમુખી પાસાઓને સમજતાં, ચર્ચા દ્વારા તેમના દૃષ્ટિકોણ રજૂ કર્યા.આ વિચાર ગોષ્ઠી ખૂબ જ જ્ઞાનવર્ધક અને ચિંતનમૂલક સાબિત થઈ. વિદ્યાર્થીઓએ એક રાષ્ટ્ર એક ચૂંટણી- વિષય પર ઊંડી સમજણ મેળવી. ચર્ચાના અંતે સહમતિ ઉભી થઈ કે, જો યોગ્ય યોજના અને હિતધારકોની સહમતિ સાથે અમલમાં લાવવામાં આવે તો 'One Nation One Election" એ ભારત માટે એક સંભવિત અને અસરકારક ઉકેલ બની શકે છે .







INNOVATION CLUB
ONE NATION ONE ELECTION




ATION CLUB
ઇનોવેશન ક્લબ







**જે પી પી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી**માં તા. 2.4.2025 ના રોજ 'વન નેશન વન ઈલેક્શન' વિષય ઉપર એક વિચારગોષ્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સમગ્ર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ ઉપરાંત વિદ્યાર્થીઓ સહીત કુલ 54 જેટલી વ્યક્તિઓ હાજર રહી હતી. ઇન્ચાર્જ આચાર્યા ડૉ. ગંગાબેન પટેલે વન નેશન વન ઈલેક્શનના વિચારને વિસ્તારથી સમજાવ્યો હતો. પ્રોગ્રામ ઓફિસર પ્રા. પ્રતિમા મિસ્ત્રીએ વન નેશન વન ઈલેક્શન નું મહત્વ, તેના ફાયદાઓ અને તેના ઇતિહાસ વિષે ટૂંકમાં ચર્ચા કરી હતી. ડૉ. રશ્મિ પરમારે વન નેશન વન ઈલેક્શન સામે રહેલા પડકારોની વિષદ ચર્ચા કરી હતી. પ્રોગ્રામ ઓફિસર ડૉ. જીતુભાઇ ભોઈએ આભારવિધિ કરી હતી.








તારીખ ૦૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ **સરકારી બી.એડ મહાવિદ્યાલય કાછલ** ખાતે "એક રાષ્ટ્ર એક ચૂંટણી સંદર્ભે વિચારગોષ્ટીનું આયોજન કરવામાં આવેલ હતું જે પ્રો.ભરત બી. મકવાણા સરના માર્ગદર્શન હેઠળ થયું હતું. મહાવિદ્યાલયના અધ્યાપકો તેમજ એફ.વાય.બીએડ.ના તમામ તાલીમાર્થીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બે જૂથ પાડવામાં આવ્યા હતા. જેમાં એક જૂથમાં નીરજ સર અને બીજા જૂથમાં જીગ્નેશ સરના નેતૃત્વ હેઠળ મુદ્દાના- સારા અને નબળા પાસાની ચર્ચા કરવામાં આવી હતી.







**T. & T.V. INSTITUTE OF NURSING, SURAT** Debate Report on "ONE NATION, ONE ELECTION" Date: 07th April, 2025 Time: 03:30 PM to 05:00 PM Venue: Auditorium, T. & T.V. Institute of Nursing.



T. & T.V. INSTITUTE OF NURSING
DEBATE

T. & T.V. INSTITUTE OF NURSING
WORLD
HEALTH







**જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય**માં તારીખ 09/04/2025 ના રોજ 'એક રાષ્ટ્ર - એક ચૂંટણી' સમર્થનમાં વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય લોકસભા તથા રાજ્યસભાની ચૂંટણીનું એકસાથે આયોજન કરવાનું છે જેથી સમય, સંસાધન અને વહીવટી ખર્ચાની બચત થઇ શકે તથા રાષ્ટ્રના વિકાસના કાર્યમાં નિરંતરતા લાવી શકાય.

વિચારગોષ્ઠિના મુખ્ય વક્તા તરીકે પ્રા. શૈલેષ યાદવ ઉપસ્થિત રહ્યાં હતાં.જેમનું પુષ્પગુચ્છથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. તેમણે ' એક રાષ્ટ્ર - એક ચૂંટણી ' ની તરફેણમાં જણાવ્યું કે રાજનીતિક સ્થિરતા માટે, મતદાતાઓની જાગૃતિ અને ભાગીદારી માટે, ચૂંટણી ખર્ચમાં બચતના ભાગ સ્વરૂપે તથા સંવિધાનાત્મક અને વ્યવહારિક સમાધાન માટે" એક રાષ્ટ્ર - એક ચૂંટણી નો વિચાર ખૂબ જ ઉપયુક્ત છે અને આ ક્રાંતિકારી પગલાંને સમર્થન પ્રાપ્ત થવું જ જોઈએ.

આ માટે કાર્યક્રમના અંતે બધા વિદ્યાર્થીઓને શપથ પણ ગ્રહણ કરાવવામાં આવ્યાં હતાં. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું.

કેમ્પસ ડિરેક્ટર શ્રીમતી શ્યામલી બરગલે, એનએસએસ કાર્યક્રમ અધિકારી પ્રા. રિદ્ધિ સોલંકી, પ્રા. સ્વર્ણિમા જૈન, પ્રા. આયુષ પટેલની આ વિચારગોષ્ઠિમાં મહત્વની ભૂમિકા રહી.કાર્યક્રમની સફળતામાં મહાવિદ્યાલયના મેનેજીંગ ડિરેક્ટર ડૉ. યોગિતા શારદાનું મહામૂલું નેતૃત્વ સાંપડ્યું.














**એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરા** મુકામે તા. 09/04/2025ના રોજ કોલેજના ઇ.ચા. આચાર્ય શ્રી વર્ષાબેન રાણાના નેતૃત્વ હેઠળ એન.એસ.એસ વિભાગ દ્વારા "વન નેશન, વન ઇલેક્શન" અંતર્ગત વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ પચ્ચીગરે "વન નેશન, વન ઇલેક્શન " વિષયને ધ્યાનમાં રાખીને વર્તમાન ઇલેક્શન સિસ્ટમ તેને બદલે વન નેશન  વન ઇલેક્શન એટલે શું? તેના ફાયદા, તેની જરૂરિયાત  વગેરે જેવા મુદ્દાઓની છણાવટ કરી હતી. પ્રોગ્રામ ઓફિસર પ્રા. પૂજા વાઘેલાએ આ અંગે પડકારો વિશે ધ્યાન દોર્યું હતું. વિદ્યાર્થીઓએ પણ પોતાની મૂંઝવણ અને વિચારો રજુ કર્યા હતા.  વિદ્યાર્થીઓ પરીક્ષામાં વ્યસ્ત હોવા છતાં વિચારગોષ્ઠિમાં ઉત્સાહથી જોડાયા તે બાબતને આચાર્યશ્રીએ બિરદાવી હતી.









GPS Map Camera
Bilimora, Gujarat, India
16, B.v.k.m. Campus, Bilimora, Gujarat 396321, India
Lat 20.765043° Long 72.98334°
09/04/2025 12:01 PM GMT +05:30
Google


9 GUJARAT NCC NAVAL UNIT
NAVSARI
NSS
A.V. PATEL COM. COLLEGE 2025


GPS Map Camera
Google
Bilimora, Gujarat, India
16, B.v.k.m. Campus, Bilimora, Gujarat 396321, India
Lat 20.764977° Long 72.983313°
09/04/2025 12:01 PM GMT +05:30

સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત કોલેજના આચાર્ય શ્રી ડો.વાય.જે.મિસ્ત્રીના નેતૃત્વ હેઠળ એન.એસ.એસ વિભાગ દ્વારા "વન નેશન, વન ઇલેક્શન" અંતર્ગત વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે "વન નેશન, વન ઇલેક્શન " વિષયને ધ્યાનમાં રાખીને વર્તમાન ઇલેક્શન સિસ્ટમ તેને બદલે વન નેશન વન ઇલેક્શન એટલે શું? તેના ફાયદા, તેની જરૂરિયાત વગેરે જેવા મુદ્દાઓની છણાવટ કરવામાં આવી, વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં વિચાર ગોષ્ઠિમાં ઉત્સાહથી જોડાયા.





તા.૧૫-૦૪-૨૦૨૫ના રોજ **સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજ** ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા સંપૂર્ણ ભારત એકસાથે લોકતંત્રના મજબૂત આધાર સ્તંભ તરીકે કાર્ય કરી શકે તે માટે “One Nation, One Election” વિષય પર વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય શ્રી, ડૉ.લીના દવે, આજના વક્તા શ્રી ભગુભાઈ ચૌધરી, સહવક્તા શ્રી ધર્મેશભાઈ અને કોલેજના અધ્યાપકો હાજર રહ્યા હતા. જેમાં સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કોલેજના આચાર્ય શ્રી ડૉ.લીના દવે દ્વારા “વન નેશન વન ઇલેક્શન”નું મહત્વ, ચુંટણીની પ્રક્રિયા, ચુંટણીના વિવિધ તબક્કાઓ, બંધારણ સભા, આઝાદી બાદનું ભારત અને ભારત@૨૦૪૭, બંધારણ સભાનું ગઠન અને બંધારણની રચના, ભારતીય નાગરિકને બંધારણ અંતર્ગત મળેલ મૂળભૂત હકો અને તેની ફરજો, બંધારણનું અમલીકરણ અને બંધારણમાં સમાવિષ્ઠ થતી વિવિધ જોગવાઈઓ વગેરે જેવા મુદ્દાઓ પર માહિતી સભર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આજના વક્તા શ્રી ભગુભાઈ ચૌધરી દ્વારા આઝાદી બાદ ચુંટણીની શરૂઆત, તે વખતે દેશની સ્થિતિ, કયા સંજોગોમાં વિવિધ રાજ્યોની અને કેન્દ્રની ચૂંટણી અલગ કરવામાં આવી?, ત્યારબાદ દેશમાં લાદવામાં આવેલી કટોકટી, ત્યારબાદ શ્રી અટલ બિહારી વાજપાઇ દ્વારા લાવવામાં આવેલ “વન નેશન વન ઇલેક્શન”નો ખ્યાલ, તેના માટેની વિવિધ કમિટીઓ, વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ ખ્યાલને હકીકતમાં લાગુ કરવા માટે કરવામાં આવેલ પ્રયત્નો, “વન નેશન વન ઇલેક્શન” લાગુ થવાથી દેશની ચુંટણીમાં થતા ખર્ચની બચત અને તેની GDP પર અસર, માનવ શ્રમની બચત, ભારત – એક વિશ્વગુરુ, અને ભારત@૨૦૪૭ જેવા વિવિધ મુદ્દાઓને સાંકળીને ખુબ જ માહિતીસભર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ માટે નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને કોલેજના અધ્યાપકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડો.લીના દવે મેડમ ના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. બળદેવભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.







